અપંગ વ્યક્તિઓને જિલ્લા સમાજ સુરક્ષા
અધિકારી દ્વારા કાઢી આપવામાં
આવતા કાયમી ઓળખપત્ર માન્ય રાખવા
અંગે..

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અપગ/૧૦૯૧/૧૩૯/છ,
સચિવાલય, ગાંધીનગર...
તારીખ :- ૫|૭|૯૧.

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૯-૧૦-૮૬ નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૮
- ૧૬૩૧ (૮૬)/છ,

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૦-૧-૮૯ નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૮૮/
૩૦૦૪/છ;

પરિપત્ર

અપંગ વ્યક્તિઓને આ વિભાગના આમુખ (૧) અને (૨) માં દર્શાવેલા ઠરાવો અન્વયે જિલ્લાના સીવીલ સર્જન અથવા અપંગતા અંગેના સંબંધિત નિષ્ણાત સર્જન ડોકટર તરફથી અપંગતાનો પ્રકાર અને ટકાવારી દર્શાવતું તબીબી પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે છે. અપંગ વ્યક્તિઓને રાજ્ય સરકારની જુદી જુદી સહાયની યોજનાઓ જેવી કે અપંગ શિષ્યવૃત્તિ યોજના, અપંગ સાધન સહાય યોજના, સરકારી નોકરીઓમાં અપંગો માટે અનામત જગ્યાઓ, અપંગ સરકારી કર્મચારીઓને વાહનભથ્થું, વાહન ધરાવતા અપંગ વ્યક્તિઓને પેટ્રોલ ડીઝલમાં સબસીડી વિગેરે યોજનાઓના લાભ મેળવવા માટે દરેક વખતે વારંવાર અપંગતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજુ કરવું ના પડે તે હેતુથી અપંગ વ્યક્તિઓને કાયમી ઓળખપત્રો આપવાની યોજના અમલમાં છે. કાયમી ઓળખપત્રમાં અપંગ વ્યક્તિનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ, અપંગતાનો પ્રકાર અને ટકાવારી, અપંગ વ્યક્તિનું નામ સરનામું વિગેરે વિગતો દર્શાવવામાં આવે છે. આ યોજના હેઠળ અપંગ વ્યક્તિઓને સીવીલ સર્જન નિષ્ણાત ઓર્થોપેડીક સર્જન દ્વારા અપંગતાના પ્રકાર અને ટકાવારીના કાઢી આપવામાં આવેલ પ્રમાણપત્રના આધારે કાયમી ઓળખપત્ર કાઢી આપવામાં આવે છે.

તાજેતરમાં રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે રાજ્યસરકારના જુદા જુદા વિભાગો અને ખાતાના વડાઓ દ્વારા અપંગ વ્યક્તિઓને રાહત આપવા માટેની સરકારી યોજનાઓમાં લાભ લેવા માટે જ્યારે અપંગ વ્યક્તિઓ દ્વારા અરજી કરવામાં આવે ત્યારે અપંગતા અંગેના સીવીલ સર્જન કે ઓર્થોપેડીક સર્જન

..૨..

તરફથી કાઢી આપવામાં આવેલ તબીબી પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. આથી સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે કે અપંગ વ્યક્તિઓને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા કાઢી આપવામાં આવતાં કાયમી ઓળખપત્રોને માન્ય ગણવા અને અપંગ વ્યક્તિની પાસેથી કાયમી ઓળખપત્ર રજૂ કરવામાં આવેથી અપંગતા અંગેના તબીબી પ્રમાણપત્રનો આગ્રહ રાખવો નહિ. આ અંગે જરૂર પડે અપંગ વ્યક્તિઓને આપના વિભાગ હેઠળની સહાયની યોજનાઓનો લાભ આપવા માટે યોજનામાં ઘટતો સુધારો કરવાની યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. અપંગ વ્યક્તિઓને વારંવાર તબીબી પ્રમાણપત્ર મેળવવામાં ઘણીજ તકલીફ પડે છે અને તે અંગે સરકારશ્રીએ વિચારણા કરી કાયમી ઓળખપત્રની યોજના દાખલ કરેલી છે. આ સાથોસાથ વિભાગો હેઠળના સર્વે ખાતાના વડાઓ, જિલ્લા કચેરીઓના વડાઓ અને સર્વે નિગમોને અપંગ વ્યક્તિઓને આપવામાં આવતાં કાયમી ઓળખપત્રો માન્ય રાખવા જરૂરી વહીવટી સૂચનાઓ આપવા અને સમાજ કલ્યાણ વિભાગને તેની જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

એસ.ડી. [illegible]
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ

નકલ રવાના:-

સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ
માહિતી નિયામકશ્રી, જુના સચિવાલય, ગાંધીનગર
આ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
આ વિભાગની સર્વે શાખાઓ.
પસંદગી ફાઇલ.

:વાંચ્યા: ૨૯/૫

પરિશિષ્ટ

નમુનો.

અપંગ વ્યક્તિને રાજ્ય પરિવહનની બસમાં ભાડા રાહત આપવાની યોજના નીચેનું અપંગ વ્યક્તિ માટેનું પ્રવાસ પત્રક.

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (અપંગ વ્યક્તિ અંગેનું બસ પ્રવાસ પત્રક.)

પુસ્તિકા નં.................. અનુ. નંબર...........

(અડધિયું)

અપંગ પ્રવાસીએ ભરવું તેમજ પોતાની પાસે રાખવું.

મુસાફરીની તારીખ :-

પ્રવાસની વિગત.................... થી....................

મારો અપંગ ઓળખ કાર્ડ નંબર.............. છે.

૧૧૮ મને નિયમ પ્રમાણે સાથીદારને સાથે રાખવા છૂટ છે / નથી.

જો હોય તો સાથીદારનું નામ :-

..........................................................

સ્થળ :-

તારીખ:- સહી....................

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (અપંગ વ્યક્તિ માટેનું પ્રવાસ પત્રક.)

પુસ્તિકા નં.......... અનુ. નંબર..............

(અડધિયું)

અપંગ પ્રવાસીએ ભરીને બસ કંડકટરને આપવું.

મુસાફરીની તારીખ :-

પ્રવાસની વિગત.............. થી..........

મારો અપંગ ઓળખ કાર્ડ નંબર............ છે.

મને નિયમ પ્રમાણે સાથીદારને સાથે રાખવા છૂટ છે / નથી.

જો હોય તો, સાથીદારનું નામ :-

..........................................................

સ્થળ :-

તારીખ :- સહી..................

સિક્કો.